# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

**રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

## ગૃહસ્થના વીમાની પોલિસી અંગે ખંડ (clause)

(પોલિસી નં...................... સાથે જોડેલ અને તેના ભાગરૂપ)

આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાદારે ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. (હવે પછી 'કંપની' તરીકે જણાવેલ)ને પ્રસ્તાવ અને એકરાર રજૂ કર્યા છે. તે આ કરારના આધારરૂપ બનશે અને આમાં હવે પછી સમાવિષ્ટ વીમા માટે સમાવેશ કર્યો હોવાનું માનવામાં આવશે. વળી વીમાદારે આમાં જણાવેલ પ્રીમિયમ ચૂકવ્યું છે અથવા ચૂકવવાનું કબૂલ કર્યું છે, તેથી;

આમાં સમાવિષ્ટ અથવા શેરો કરેલ અથવા હવે પછી વ્યક્ત કરેલ શરતોને અધીન રહીને, કંપની આથી કબૂલ કરે છે કે વીમાદારને મિલકતમાં નુકસાન અથવા હાનિ થાય અથવા જવાબદારી ઊભી થાય અથવા વીમાદાર અથવા ભાગીદાર અથવા નિયામક અથવા વ્યવસ્થાપક સ્ટાફ અથવા વીમાદાર સાથે કાયમી કામ કરતા વીમાદારના કર્મચારીને આમાં હવે પછી જણાવેલ વીમાની મુદત દરમિયાન અથવા જેના માટે વીમાદારે કંપનીને પ્રીમિયમ ચૂકવ્યું હોય અથવા ચૂકવવાનું કબૂલ કર્યું હોય અથવા કંપનીએ તેના રિન્યુઅલ માટે પ્રીમિયમ સ્વીકાર્યું હોય અથવા સ્વીકારવાનું કબૂલ કર્યું હોય તેવા પછીના સમયમાં, કંપની આવું નુકસાન થતાં, મિલકત ગૂમ થઈ જતાં અથવા જવાબદારીની રકમ અથવા યથાપ્રસંગ આમાં દર્શાવેલા લાભ ચૂકવશે. પરંતુ આમાં દર્શાવેલી અનેક બાબતોમાંથી દરેક અંગે વીમાના કોઈ એક સમયમાં નિયત કરેલી રકમ કરતાં વધશે નહિ.

### સામાન્ય શરતો

૧. **નોટિસ** : આ પોલિસી માટે કંપનીને આપવાની જરૂરી નોટિસ અને સંદેશાવ્યવહાર લેખિત રહેશે. તેનાથી વીમો અમલમાં આવશે.

૨. **ખોટું વર્ણન** : મહત્ત્વની માહિતીની ખોટી રજૂઆત, ખોટું વર્ણન અને આવી માહિતી છુપાવવાથી પોલિસી નિરર્થક બનશે અને આ અંગે ચૂકવેલું પ્રીમિયમ જપ્ત થશે.

૩. **યોગ્ય કાળજી** : વીમાદાર વીમો ઉતરાવેલી મિલકતના નુકસાન અને હાનિ સામે રક્ષણ કરવા તમામ યોગ્ય પગલાં લેશે. વીમાદાર યોગ્ય કાળજી લેશે અને ફક્ત કાર્યક્ષમ વ્યક્તિઓ જ નિમાય તે જોશે. તમામ અકસ્માતો નિવારવા યોગ્ય સાવચેતી લેશે અને તમામ વૈધાનિક અને અન્ય વિનિયમોનું પાલન કરશે.

૪. **રદ કરવું** : કંપની સાત દિવસની લેખિત નોટિસ આપીને કોઈપણ સમયે આ પોલિસી રદ કરી શકશે. આ બાબતમાં કંપની વીમાના પૂરા ન થયેલા સમયને અનુરૂપ છેલ્લાં પ્રીમિયમનો ભાગ વીમાદારને પરત કરશે. વીમાદારની વિનંતીથી પણ આ પોલિસી કોઈ પણ વખતે રદ કરી શકાશે. આ પોલિસી ચાલુ હોય તે સમયે માટે આગ ટેરિફના દરે ટૂંકી મુદતના ધોરણનું પ્રીમિયમ કંપની રાખી મૂકશે.

૫. **દાવાની કાર્યપદ્ધતિ :**

(૧) આ પોલિસી હેઠળ દાવો કરવાનો થાય તેવો અથવા થવાનો સંભવ હોય તેવો બનાવ બનતાં, વીમાદાર, (ક) ચોરીની બાબતમાં પોલીસને તરત જ ફરિયાદ કરશે અને ગુનેગાર વ્યક્તિ કે વ્યક્તિઓને પકડાવવા અને ગુમાવેલી મિલકત પાછી મેળવવા તમામ વ્યવહારુ પગલાં લેશે. (ખ) કંપનીને તરત જ તેની નોટિસ આપશે અને ત્યારપછી ૧૪ દિવસની અંદર કંપનીને તેના પોતાના ખર્ચે નુકસાન અથવા હાનિના પ્રમાણની વિગતો અને કંપનીને વાજબી રીતે જોઈએ તેવાં દાવાને પ્રતિપાદિત કરવા ખુલાસા અને પુરાવા રજૂ કરશે.

(૨) અનુસૂચિમાં જણાવેલ વીમાદાર અથવા તેના કુટુંબના કોઈ સભ્યને કોઈ ક્લિનિક, નર્સિંગ હોમ અથવા હોસ્પિટલમાં સારવારની જરૂર પડે તેવી કોઈ શારીરિક ઈજા થાય, વીમાદાર અથવા તેના કુટુંબના પતિ/પત્ની અને બાળકો સહિતના સભ્યો આ ઈજાને કારણે મૃત્યુ પામે, તો કાયદેસર પ્રતિનિધિઓએ તે અંગે તરત જ નોટિસ આપવી. કંપનીને જરૂરી ડોક્ટર અથવા અન્યથા બધાં પ્રમાણપત્ર, માહિતી અને પુરાવા વીમાદાર અથવા તેના કાયદેસર પ્રતિનિધિઓના ખર્ચે કંપનીને રજૂ કરવામાં આવશે અને તે કંપનીએ નિયત કર્યા મુજબના સ્વરૂપ અને પ્રકારનાં રહેશે. વીમાદાર વ્યક્તિને અકસ્માત થયા પછી તરત દાવાનું કારણ બને તે અંગે તબીબી સારવાર લેવી. તેમ ન કરાતાં, કંપની તેનાં પરિણામ માટે જવાબદાર રહેશે નહિ.

(૩) પોલિસી હેઠળ દાવો કરવાનો થાય અથવા દાવાનો સંભવ થાય તેવો બનાવ બનતાં, વીમાદાર કંપનીને તેની નોટિસ આપશે અને કંપનીને તરત જ દાવાની દરેક લેખિત નોટિસ અથવા માહિતી અથવા કોઈ મૌખિક નોટિસ અથવા કોઈ રિટ, સમન્સ અથવા આપેલી કે વીમાદાર સામે શરૂ કરેલી કાયદેસર પ્રક્રિયા મોકલશે અને કંપની કોઈ દાવાની પતાવટ કરી શકે અને તેનો પ્રતિકાર કરી શકે અથવા કાર્યવાહી શરૂ કરી શકે તે માટે તમામ જરૂરી માહિતી અને સહાય આપશે. વીમાદાર કંપનીની લેખિત સંમતિ સિવાય કોઈ દાવો સરખો કરવામાં કંઈ ખર્ચ કરશે નહિ અને આવી સંમતિ સિવાય તે વાટાઘાટ કરશે, ચુકવણી કરશે, કબૂલ કરશે અથવા તેનો ઇન્કાર કરશે.

૬. **ફાળો** : આ પોલિસીથી આવરી લેવાયેલ કોઈ નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચના બનાવમાં, તે જ નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચને આવરી લેવા બીજો કોઈ વીમો હશે. તેનો અમલ આ વીમાદારે કરવાનો હોય કે નહિ છતાં, આ પોલિસીની મર્યાદાને હમેશાં અધીન રહીને, આવા બીજા વીમા હેઠળ વસૂલ કરવાપાત્ર ન હોય તેવાં નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચની વધારાની રકમ ચૂકવશે.

૭. **કપટ** : આ પોલિસી હેઠળનો કોઈ દાવો કોઈ પણ રીતે કપટ ભર્યો હશે અથવા વીમાદાર કે તેની વતી કામ કરતા કોઈ, આ પોલિસી હેઠળ લાભ મેળવવા આવી કપટભરી પ્રયુક્તિ કરશે, તો આ પોલિસી હેઠળના બધા લાભ જપ્ત થશે.

૮. **હાનિરક્ષા** : નુકસાન અથવા હાનિની રકમ ચૂકવવાને બદલે કંપની, પોતાના વિકલ્પે ગૂમ થયેલી કે નુકસાન પામેલી મિલકત અથવા મકાન-વિસ્તાર કે તેના કોઈ ભાગનું પુનઃસ્થાપન કરાવે, તેને બદલે કે તેની મરામત કરાવે અથવા તેમ કરવામાં બીજા વીમાકર્તા સાથે જોડાઈ જાય. જોકે કંપની તેનું બરાબર અને પૂરેપૂરું સ્થાપન કરવા બંધાયેલી નહિ રહે, પરંતુ સંજોગો મુજબ અને વાજબી રીતે પૂરતું હોય તેમ કરશે. કોઈ પણ સંજોગોમાં આવું નુકસાન અથવા હાનિ વખતે આવી મિલકત હતી ત્યારે તેનું પુનઃસ્થાપન કરવા જે ખર્ચ થયું હોત તે અથવા કંપનીની વીમાની રકમ કરતાં વધારે ખર્ચવા કંપની બંધાયેલી નથી.

૯. **સરેરાશ :** (વિભાગનં. ૨, ૪, ૫, ૬ લાગુ પડે). કોઈ નુકસાન અથવા હાનિ સમયે મિલકત એકત્રિત રીતે તેની વીમાની રકમ કરતાં વધારે કિંમતની હોય, તો તફાવત માટે વીમાદારને તેનો પોતાનો વીમાકર્તા ગણવાનો રહેશે અને તદનુસાર નુકસાન અથવા હાનિનું ભાગે આવતું પ્રમાણ પોતે ભોગવવાનું રહેશે. પોલિસીની એક વસ્તુ તરીકે દરેક વસ્તુ વધારે હોય, તો આ શરતને અધીન રહીને અલગ ગણવામાં આવશે.

૧૦. પોલિસી હેઠળ ચૂકવવાના પ્રમાણ બાબતમાં (જવાબદારી અન્યથા કબૂલ કરાઈ છે) કોઈ વિવાદ કે તફાવત ઊભો થાય, તો આવો તફાવત બીજા બધા પ્રશ્નોથી સ્વતંત્ર રીતે તેના પક્ષકારો લેખિત રીતે નીમે તે સંપૂર્ણ લવાદના નિર્ણય માટે પુછાવવામાં આવશે. તે એક લવાદના નિર્ણય સાથે સંમત ન થઈ શકે, તો તે ત્રણ લવાદોની પેનલને પુછાવવામાં આવશે. તેમાં વિવાદ/તફાવતના દરેક પક્ષકારે એકેક લવાદ નીમવાનો અને ત્રીજો લવાદ બે લવાદ નીમશે. લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની જોગવાઈઓ અનુસાર આ લવાદી ચલાવવામાં આવશે.

પરંતુ કંપનીએ વિવાદ કર્યો હોય અને આ પોલિસી નીચે અથવા તે સંબંધમાં જવાબદારી ન સ્વીકારી હોય, તો વિવાદ અથવા તફાવત લવાદને પુછાવવામાં નહિ આવે એમ સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે.

વળી આથી સ્પષ્ટરીતે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી અંગે કોઈ પગલાં લેવામાં અથવા દાવો માંડવાના હક બાબતમાં નુકસાન અથવા હાનિની રકમ અંગે લવાદ/લવાદોનો એવોર્ડ પ્રથમ મેળવવામાં આવે એ પૂર્વ-શરત રહેશે.

૧૧. **શરતોનું પાલન** : વીમાદારે કંઈ કરવાના કે પાલન કરવાની કોઈ બાબતને તે લગતું હોય તે પૂરતું, આ પોલિસીની શરતો અને શેરાનું યોગ્ય પાલન કરવાની અને તે પરિપૂર્ણ કરવાની બાબત આ પોલિસી હેઠળ ચુકવણી કરવાની કંપનીની જવાબદારીની પૂર્વ-શરત રહેશે.

### સામાન્ય અપવાદ

કંપની નીચેની બાબતોમાં જવાબદાર રહેશે નહિ :

૧. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બંડ, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા અથવા નાગરિક અશાંતિ અથવા તે સંબંધમાં લૂંટ કે ઉઠાંતરી.

૨. ઘસારા અથવા તૂટફૂટથી થયેલ નુકસાન.

૩. કોઈ પણ પ્રકાર કે વર્ણનના પારિણામિક નુકસાન

૪ (ક) અણુશસ્ત્રોની સામગ્રીમાંથી ઊભી થતી અથવા તેના પરિણામે થતી અથવા તેમાં ફાળો આપવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકસાન અથવા હાનિ.

(ખ) આયનીત કિરણોત્સર્ગ અથવા કોઈ અણુબળતણ અથવા અણુબળતણના દહનમાંથી થતા અણુના બગાડથી ઊભી થતી રેડિયો-એક્ટિવિટીથી દૂષિતતાને લીધે ઊભી થતી તેનાથી થયેલી અથવા તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતા નુકસાન કે હાનિને વીમામાં આવરી લીધી નથી. શરત ૪(ખ)ના હેતુ માટે દહનમાં અણુ વિભાજનની સ્વનિર્ભર પ્રક્રિયાનો સમાવેશ પણ છે.

### વિભાગ ૧ : ઈમારત અને અંદરની વસ્તુઓ (નાણાં અને ઝવેરાત સિવાય)

ઈમારત અથવા અંદરની વસ્તુઓ વીમાદારના મકાન-વિસ્તારમાં હોય ત્યારે તે અંગેનું નીચેની બાબતોથી થતું નુકસાન અથવા હાનિની કંપની વીમાદારને હાનિરક્ષા કરી આપશે :

(ક) આગ, વીજળી, ઘરગથ્થું સાધનોમાં ગેસનો વિસ્ફોટ

(ખ) પાણીની ટાંકી, સાધનો અને પાઈપ તૂટી જવાં અથવા ઊભરાઈ જવાં.

(ગ) હવાઈ જહાજ અથવા તેમાંથી નંખાતી વસ્તુઓ

(ઘ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કામ, આતંકવાદનું જોખમ

(ચ) ધરતીકંપ (આગ અને/અથવા આંચકા), જમીન બેસી જવી, જમીન ધસી પડવી, ખડક ધસી પડવા, નુકસાન

(છ) નુકસાનની અસર

### ઊભણી (પ્લીન્થ) અને પાયો

પોલિસીમાં ઊભણી અને પાયાને આવરી લેવાતો નથી. પરંતુ તેને અલગ રીતે આવરી લેવો હોય, તો તેને ઉમેરી શકાય.

### વિસ્તરણ

વીમાદાર અથવા વીમાદારના કુટુંબના તેની સાથે કાયમી રહેતા કોઈ સભ્ય કામચલાઉ રહેઠાણ તરીકે વપરાતા બીજા સ્થળે ભારતમાં ગમે ત્યાં બેગેજ સાથે કામચલાઉ ખસે અને માર્ગમાં હોય તે દરમિયાન આવી મિલકત અન્યથા વીમો ઉતરાવેલી ન હોય તે પૂરતું, આ પોલિસીનો વીમો અંદરની વસ્તુઓને પણ લાગુ પડે છે. આ બીજા સ્થળે વીમાદાર વીમાના એકંદર વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) દિવસના સમયગાળા દરમિયાન વીમો ઉતરાવેલી મકાનમાંથી કામચલાઉ ગેરહાજરી દરમિયાન આવી કોઈ મિલકત સલામત કસ્ટડીમાં મૂકી હશે, પરંતુ આમ ખસેડેલી મિલકતની કંપનીની જવાબદારી આ વિભાગ હેઠળ વીમાની કુલ રકમના વધુમાં વધુ $^{૧}/_{૧૦}$ રહેશે.

### ખાસ અપવાદ

કંપની નીચેની બાબતોમાં જવાબદાર રહેશે નહિ :

૧. (ક) વીમાદારના કુટુંબનો કોઈ સભ્ય મુખ્ય કે સહાયક તરીકે હોય ત્યાં ઘરફોડી અને/અથવા ઘરમાં ખાતર પાડવાથી નુકસાન અથવા હાનિ.


n-india3810-5.p65

(ખ) વપરાશી પ્રકારની વસ્તુઓને નુકસાન અથવા હાનિ.

(ગ) નાણાં, જામીનગીરી, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, શેર અને સ્ટોક પ્રમાણપત્રો, વેપારના ચોપડા, હસ્તપ્રત, કોઈ પણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલાં રત્ન, ઝવેરાત અને કિંમતી વસ્તુઓ (વિશેષરૂપે જાહેર કરી હોય તે સિવાય)

**ખાસ શરતો**

૧. અલગ રીતે દર્શાવીને કિંમત જણાવી હોય તે સિવાય આ વિભાગ હેઠળ ફર્નિચર સિવાયની કોઈ પણ વસ્તુ વીમાની રકમના ૫ ટકાથી વધારે હોવાનું માની લેવામાં નહિ આવે.

૨. **સરેરાશની શરત** : વીમો ઉતરાવેલી મિલકત કોઈ આગ ફાટી નીકળે અથવા વીમામાં આવરી લીધેલા બીજા કોઈ જોખમથી મિલકતને નાશ કે નુકસાનની શરૂઆત થાય ત્યારે મિલકત એકત્રિત રીતે ગણતાં તેની વીમાની રકમ કરતાં વધારે કિંમતની હોય, તો વીમાદારને તેનો પોતાનો વીમાકર્તા ગણવાનો રહેશે અને તદનુસાર નુકસાન અથવા હાનિનું ભાગે આવતું પ્રમાણ પોતે ભોગવવાનું રહેશે. તેમ છતાં, વીમા ઉતરાવેલી મિલકતની વીમાની રકમ આગ ફાટી નીકળવાની વખતે અથવા આવા નાશ કે હાનિની શરૂઆત વખતે વીમો ઉતરાવેલી મિલકતની એકત્રિત કિંમતના ૮૫ ટકા (પંચ્યાસી ટકા)થી ઓછી ન હોય, તો આ શરતોનો કોઈ હેતુ કે અસર રહેશે નહિ.

**વિભાગ ૨ : ઘરફોડી અને ખાતર પાડવું તેમજ ચોરી અને ચોરીનો ગુનો (લાર્સેની)**
**(નાણાં અને કિંમતી વસ્તુઓ સિવાય)**

વીમો ઉતરાવેલા મકાનમાં હોય ત્યારે અંદરની વસ્તુઓના ઘરફોડી, ઘરમાં ખાતર પડવું તેમજ ચોરી અને ચોરીના ગુનાથી નુકસાન અથવા હાનિ સંબંધમાં કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતો અંગે જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારના કુટુંબનો સભ્ય મુખ્ય કે મદદગાર તરીકે નિસબત ધરાવતો હોય ત્યાં ઘરફોડી અને/અથવા ખાતર પાડવાથી નુકસાન કે હાનિ.

(૨) પશુધન, મોટર વાહનો અને પેડલ સાઇકલને નુકસાન અથવા હાનિ.

(૩) નાણાં, નાણાં માટેની જામીનગીરીઓ, ટિકિટો, લગડી, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટી, સ્ટોક અને શેર પ્રમાણપત્ર, વેપારના ચોપડા, હસ્તપ્રતો, કોઈ પણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલાં રત્ન, ઝવેરાત અને કિંમતી વસ્તુઓ, સિવાય કે ખાસ જાહેર કરવામાં આવી હોય.

**વિભાગ ૩ : બધાં જોખમ (ઝવેરાત અને કિંમતી વસ્તુઓ)**

વીમાદાર અથવા તેના કુટુંબના સભ્યો ભારતમાં કોઈપણ સ્થળે હોય ત્યારે અકસ્માત અથવા દુર્ભાગ્યથી ઝવેરાત અને કિંમતી વસ્તુઓને નુકસાન કે હાનિ થાય તે બાબતમાં કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે. પરંતુ વીમાના કોઈ એક સમયગાળામાં કોઈપણ એક વસ્તુ અંગે કંપનીની જવાબદારી આ સાથેની અનુસૂચિમાં આવી બાબત સામે નિયત કરેલી વીમાની રકમ કરતાં વધશે નહિ અને તે વીમાની કુલ રકમ કરતાં એકંદરમાં પણ વધશે નહિ. વધુમાં એ શરત રહેશે કે કોઈ વસ્તુનું નુકસાન મરામત કરાવી શકાય તેવું હોય, તો નુકસાન પામેલ વસ્તુ અગાઉ જેમ કામ આપવાની સ્થિતિમાં આવી જાય તે માટે કંપની જરૂરી ખર્ચ આપશે. પરંતુ તે રકમ આવી વસ્તુ બાબતમાં વીમાની રકમ કરતાં વધશે નહિ.

સ્પષ્ટતાપૂર્વક જાહેર અને કબૂલ કરવામાં આવે છે કે સરેરાશની શરત આ વિભાગ પૂરતી રદ કરેલી ગણવામાં આવે છે.

**વિસ્તરણ**

વીમાદાર અથવા વીમાદારના કુટુંબના તેની સાથે કાયમી રહેતા કોઈ સભ્ય કામચલાઉ રહેઠાણ તરીકે વપરાતા બીજા સ્થળે ભારતમાં ગમે ત્યાં બેગેજ સાથે કામચલાઉ જાય અને માર્ગમાં હોય તે દરમિયાન આવી મિલકત અન્યથા વીમો ઉતરાવેલી ન હોય તે પૂરતું, આ પોલિસીનો વીમો અંદરની વસ્તુઓને પણ લાગુ પડે છે. આ બીજા સ્થળે વીમાદારે વીમાના એકંદર વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) દિવસના સમયગાળા દરમિયાન વીમો ઉતરાવેલી મકાન-વિસ્તારમાંથી કામચલાઉ ગેરહાજરી દરમિયાન આવી કોઈ મિલકત સલામત કસ્ટડીમાં મૂકી હશે, પરંતુ આમ ખસેડેલી મિલકતની કંપનીની જવાબદારી આ વિભાગ હેઠળ વીમાની કુલ રકમના વધુમાં વધુ ૧/૫ રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર નહિ રહે :

(૧) કોઈ સાધનના ભાગ કે લેન્સ અથવા કાચને તિરાડ પડવી, ઉઝરડા પડવા કે તૂટી જવી અથવા ચાઈના માર્બલ, ગ્રામોફોન રેકર્ડ અને બરડ અને તકલાદી પ્રકારની બીજી વસ્તુઓ, સિવાય કે આ વસ્તુઓ જેના દ્વારા લઈ જવાતી હોય તે રેલવે ટ્રેન અથવા વહાણ કે હવાઈ જહાજ કે વાહનને અકસ્માત થવાથી નુકસાન કે હાનિ થઈ હોય.

(૨) રજકણ, ફૂગી, જંતુથી અથવા મિલકત જેને અધીન છે તે સ્વચ્છ કરવાની, રંગવાની, મરામત કરવાની કે પુનઃસ્થાપનની કોઈ પ્રક્રિયાથી નુકસાન કે હાનિ.

(૩) ઈલેક્ટ્રિકલ વસ્તુ અથવા ઘરગથ્થુ સાધનો, વાયરલેસ સેટ, રેડિયો, ટેપરેકર્ડર, ટેલિવિઝન સેટ અને તેવી વસ્તુઓ અથવા વધારે ચલાવવી, અતિશય દબાણ, શોર્ટ સર્કિટ, આર્કિંગ જાતે ગરમ થવું અને ગમે તે કારણ (વીજળી સહિત)થી વીજળીની લીકેજ.

(૪) કાંડા ઘડિયાળ અને ભીંત ઘડિયાળની યાંત્રિક અવ્યવસ્થા અથવા વધારે ચાવી આપવાથી નુકસાન કે હાનિ.

(૫) બધાં બારી-બારણાં અને ખુલ્લા ભાગ સલામત રીતે લોક કર્યા હોય અને યોગ્ય રીતે બાંધ્યા હોય તેવા પૂરેપૂરા બંધ સલૂન પ્રકારની કારમાંથી ચોરી.

(૬) માલસંવિદા(affreighment)ના કરાર હેઠળ કોઈ કેરિયર મારફત માલ લઈ જવાનો હોય ત્યારે નુકસાન કે હાનિ.

**ખાસ શરતો**

આની નીચે વીમો ઉતરાવેલી કોઈ વસ્તુ જોડી અથવા સેટમાં હોય ત્યારે તે અંગેની કંપનીની જવાબદારી, આવી વસ્તુઓ આવી જોડી અથવા સેટના ભાગ તરીકે આવી વસ્તુઓની કોઈ ખાસ કિમતના સંદર્ભ સિવાય ગૂમ થઈ જાય અથવા નુકસાન પામે, તો તે અંગેની કંપનીની જવાબદારી જોડી અથવા સેટની વીમાની રકમના પ્રમાણસર ભાગ કરતાં વધશે નહિ.

**વિભાગ ૪ : પ્લેટ ગ્લાસ**

વીમાના કોઈ એક સમયગાળામાં નુકસાન બાબતમાં કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે. તે અનુસૂચિમાં દર્શાવેલી રકમ જેટલી મર્યાદિત રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :

(૧) વીમાદારના સ્થળે કે આસપાસ ખસેડતાં, ફેરફાર કરતાં અને/અથવા મરામત દરમિયાન તૂટફૂટ અથવા નુકસાન;

(૨) કાચની તૂટફૂટ અથવા નુકસાન સિવાય છાપેલા અક્ષરો તૂટી જવા;

(૩) ખાસ જાહેર કર્યું હોય તે સિવાય કોઈપણ વર્ણનની ફ્રેમમાં કામમાં ફ્રેમ તૂટવી અથવા તેને નુકસાન;

(૪) કાચની સંપૂર્ણ જાડાઈની આરપાર વિસ્તરતી ફાટ સિવાય કાચને વિકૃતિ બનાવવો અથવા ઉઝરડા પાડવા અથવા નુકસાન કરવું;

(૫) સાદા અને સામાન્ય ચળકાટવાળા ગુણવત્તાવાળા કાચ સિવાયના ઉપસાવેલા ચાંદીવાળા છાપેલા/લખેલા અક્ષરો સુશોભિત વળાંકવાળા અથવા ગમે તે પ્રકારના કાચ, સિવાય કે તે ખાસ જાહેર કર્યા હોય.

(૬) પૂરેપૂરા અને સલામત લગાડેલા ન હોય તેવા કાચ તૂટી જવા.

(૭) વેપારમાં રુકાવટ અથવા વિલંબના પરિણામે નુકસાન અથવા હાનિ અથવા તેને બદલતાં કાચ તૂટવાને કારણે ઈજાથી નુકસાન અથવા હાનિ.

**વિભાગ ૫ : ઘરગથ્થુ સાધનો ખોટકાઈ જવાં**

અનુસૂચિમાં જણાવેલ ઘરમાં વપરાતાં ઇલેક્ટ્રિકલ વીજાણુ અથવા યાંત્રિક સાધનો, ઉપકરણ અથવા સાધનોને યંત્ર અને/અથવા ઇલેક્ટ્રિસિટી ખોટકાવાથી થયેલા અણધાર્યા અને એકાએક ભૌતિક નુકસાનને તે વીમો ઉતરાવેલી જગ્યામાં નિશ્ચિત કરેલ કે રાખેલ હોય ત્યારે તેની સામે કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

**ખાસ જોગવાઈ**

૧. **વીમાની રકમ** : આ વીમાની જરૂરિયાત એ છે કે અનુસૂચિમાં દર્શાવેલી આવી વસ્તુ અંગે વીમાની રકમ વીમો ઉતરાવેલી મિલકતને તે જ પ્રકાર અને શક્તિશાળી નવી મિલકતથી બદલવામાં આવે ત્યારે તેનું ખર્ચ સમાન રહે.

૨. **હાનિરક્ષાનો આધાર :**

(ક) વીમો ઉતરાવેલી વસ્તુને થયેલ નુકસાનની મરામત થઈ શકે તેમ હોય ત્યાં કંપની તે વસ્તુને તેની અગાઉની કામગીરીની સ્થિતિમાં પાછી લાવવા જરૂરી ખર્ચ ચૂકવશે. મરામતનું ખર્ચ નુકસાન થયા તેની તરત પહેલાંની વીમાની વસ્તુની ખરેખર કિંમત કરતાં વધી જતું હોય, તો નીચેના (ખ)માં જોગવાઈ કરેલ ધોરણે પતાવટ કરવામાં આવશે.

(ખ) સંપૂર્ણ નુકસાન બાબતમાં ઉત્પાદનની તારીખથી દર વર્ષે ૧૦ ટકાના ઘસારાને અધીન રહીને દાવો ચૂકવવામાં આવશે. તેમ છતાં, પોલિસી હેઠળ જેની બાબતમાં સંપૂર્ણ નુકસાનનો દાવો સ્વીકારવામાં આવ્યો છે તે વસ્તુની વીમાની રકમના વધુમાં વધુ ૫૦ ટકા રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) વીમાદારના ઇચ્છાપૂર્વકના કામ અથવા ઇચ્છાપૂર્વકની સંપૂર્ણ બેદરકારી;

(૨) આ વીમો શરૂ કરવાના સમયે ખામીઓ હતી અને તે વીમાદારની જાણમાં હતી તેના કારણે નુકસાન કે હાનિ. આવી ખામી અથવા દોષ કંપનીને જાણમાં હતા કે નહિ તે ધ્યાનમાં લેવાનું નથી.

(૩) મિલકતના ઉત્પાદક અથવા પુરવઠાકાર કરાર અનુસાર જવાબદાર છે તેનાથી નુકસાન અથવા હાનિ.

(૪) આવી વસ્તુને કોઈ નુકસાન થવાથી વીમો ઉતરાવેલી વસ્તુને મરામત-દુકાને લઈ જવાનું અને વીમાદારના મકાનમાં પાછી લાવવાનું પરિવહન ખર્ચ.

(૫) આ પોલિસીના અન્ય વિભાગ હેઠળ વીમાપાત્ર હોય તેવાં જોખમથી વીમો ઉતરાવેલી કોઈ વસ્તુને નુકસાન અથવા હાનિ.

(૬) કાયદેસર રીતે રચાયેલા સત્તાતંત્રની જપ્તી, નિયંત્રણ અથવા સંપાદનના પરિણામે કાયમી અથવા કામચલાઉ કબજો લઈ લેવાથી અથવા મકાનનો વીમો લેનારના ગેરકાયદે કબજામાંથી કોઈ મકાનને કાયમી અથવા કામચલાઉ છોડાવવામાં વીમો ઉતરાવેલી વસ્તુને નુકસાન અથવા હાનિ.

**એક્સેસ**

વીમાદાર દરેક ઘરગથ્થુ સાધન સંબંધમાં અલગ રીતે વીમાની રકમના ૧ ટકા જાતે ભોગવશે અથવા જેના માટે પોલિસી હેઠળ દાવો સ્વીકારવામાં આવ્યો છે તે દાવા સંબંધમાં પ્રત્યેક નુકસાન અથવા હાનિ માટે રૂ. ૨૫ (પચીસ રૂપિયા), બેમાંથી જે વધારે હોય તે ભોગવશે.

**વિભાગ ૬ : ટેલિવિઝન સેટ**

કંપની નીચેની બાબતમાં :

૧. વીમાદારના મકાનમાં હોય અથવા નિશ્ચિત કર્યા હોય તેવા અનુસૂચિમાં વર્ણવેલ ટેલિવિઝન સાધનને નીચેના કારણે નુકસાન અથવા હાનિ થતાં વીમાદારની હાનિરક્ષા કરી આપશે :

(ક) ઘરગથ્થું સાધનોમાં આગ, વીજળી અને ગેસનો વિસ્ફોટ;

(ખ) પાણીની ટાંકી, સાધનો અથવા પાઈપ ફાટી જવી અને ઉભરાઈ જવી;

(ગ) હવાઈ જહાજ અથવા તેમાંથી ફેકાતી વસ્તુઓ;

(ઘ) ધરતીકંપ, આગ અને/અથવા આંચકા.

(ચ) પૂર, ડૂબમાં જવું, પ્રચંડ તોફાન, વાવાઝોડું, વંટોળિયો અને ચક્રવાત.

(છ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કાર્ય અથવા આતંકવાદનું જોખમ

(જ) ઘરફોડી અને/અથવા ખાતર પાડવું અથવા ચોરી

(ઝ) આકસ્મિક બાહ્ય સાધનો

(ટ) યાંત્રિક રીતે કે વીજળિક રીતે ખોટકાઈ જવું.

પરંતુ વીમાના કોઈ એક સમયગાળામાં થતા નુકસાન અથવા હાનિ બાબતમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં દર્શાવેલી રકમ સુધી મર્યાદિત રહેશે.

૨. વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની વ્યક્તિ અથવા વીમાદારની નોકરીમાં હોય તેવી વ્યક્તિના આકસ્મિક મૃત્યુ અથવા શારીરિક ઈજા સંબંધમાં વીમાદાર કાયદેસર ચૂકવવા જવાબદાર હોય તેવી બધી રકમ અને કંપનીની લેખિત સંમતિથી કરેલા મુકદ્દમાનું ખર્ચ અને વીમાદાર કે તેના કુટુંબના કોઈ સભ્યની ન હોય અથવા તેની કસ્ટડી અને નિયંત્રણમાં ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન અથવા ટેલિવિઝન સાધન સંબંધમાં થતા અકસ્માતમાંથી ઊભી થતી અથવા મિલકત અન્યથા વીમો ધરાવતી નથી તે પૂરતું અથવા તેમાં ખામી અથવા એન્ટેના ફીટિંગ તૂટવાથી અથવા તૂટી પડવાથી ટેલિવિઝન સાધનમાં ખામી આવવાથી અથવા ખોટકાઈ જવાથી અથવા ટેલિવિઝન સાધનનો ભાગ બનતો માસ્ટ (mast), પરંતુ આવા વળતર અને મુકદ્દમાના ખર્ચ સંબંધમાં વીમાના કોઈ એક સમયગાળામાં ₹ ૨૫,૦૦૦ (પચીસ હજાર રૂપિયા) સુધી મર્યાદિત છે.

૩. આવી મિલકત અન્યથા વીમો ઉતરાવેલી ન હોય, તેટલા પૂરતું ટેલિવિઝન સાધનના ભાગરૂપ એન્ટેના ફીટિંગ અથવા માસ્ટ તૂટવાથી કે તૂટી પડવાથી વીમાદારના કસ્ટડી અથવા નિયંત્રણ હેઠળની મિલકતને નુકસાન, પરંતુ વીમાના કોઈ એક સમયગાળામાં આવા નુકસાન અંગે કંપનીની જવાબદારી ₹ ૩૦૦૦ (ત્રણ હજાર) રહેશે.

**વ્યાખ્યા**

આમાં પ્રયોજેલ 'ટેલિવિઝન સાધન' શબ્દનો અર્થ અને તેમાં ટેલિવિઝન સેટ, સેટના ભાગરૂપ સહાયક સાધનો અને અંદરના અને બહારના બંને એન્ટેનાનો સમાવેશ થાય છે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતો માટે જવાબદાર નથી :

(ક) જે તે વખતે ટેલિવિઝન સાધન પોતે ચોરાઈ ગયું હોય તે સિવાય બહારના એન્ટેના અને ફીટિંગનું ચોરીથી નુકસાન અથવા હાનિ.

(ખ) કાયદા અથવા કરારથી ટેલિવિઝન સેટ ઊભો કરવો, તૈયાર કરવો અથવા છૂટા પાડવાથી ઊભા થતા અથવા થયેલાં નુકસાન અથવા હાનિ.

(ગ) ટેલિવિઝન સેટના ઉત્પાદક અને પુરવઠાકાર જેના માટે કાયદા અથવા કરારથી જવાબદાર છે તે નુકસાન અથવા હાનિ;

(ઘ) આવો કરાર હોવા છતાં આવી જવાબદારી વીમાદાર સાથે જોડાઈ હોય તેવા કરારથી વીમાદારે સ્વીકારેલી જવાબદારી

**વિભાગ ૭ : પેડલ સાઇકલ**

ક. કંપની વીમાદારની પેડલ સાઇકલને નીચેની વસ્તુઓથી નુકસાન અથવા હાનિ થતાં, તેની હાનિરક્ષા કરી આપશે :

(ક) આગ, વીજળી અથવા બાહ્ય વિસ્ફોટ

(ખ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કામ, આતંકવાદનું જોખમ

(ગ) ધરતીકંપ, આગ અને/અથવા આંચકા

(ઘ) પૂર, ડૂબમાં જવું, વાવાઝોડું, ઝાંઝવાત, પ્રચંડ તોફાન, વંટોળિયો અથવા ચક્રવાત

(ચ) ઘરફોડી અને/અથવા ખાતર પાડવું અથવા ચોરી

(છ) આકસ્મિક બાહ્ય સાધનો

પરંતુ, વીમાના કોઈ એક સમયમાં કોઈ એક વાહનને નુકસાન અથવા હાનિ સંબંધમાં કંપનીની જવાબદારી અનુસૂચિમાં આવા વાહન સામે નિયત કરેલી વીમાની રકમ કરતાં વધશે નહિ.

ખ. આની નીચે વીમો ઉતરાવેલી પેડલ સાઇકલ સંબંધમાં અથવા તેની મારફત થયેલા કે થતા અકસ્માત બાબતમાં આવી પેડલ સાઇકલ પર ન જણાવેલ વીમાદારના કુટુંબના કોઈ સભ્ય અથવા વીમાદારની કસ્ટડી અને નિયંત્રણમાં અથવા તે અંગે વીમાદારની ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન અને/અથવા આવી પડેલ સાઇકલ પર જણાવેલ અથવા વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની કોઈ વ્યક્તિની ન હોય તેવી મિલકતને આકસ્મિક નુકસાન અથવા આવી પેડલ સાઇકલ પર જણાવાતી વીમાદારની સેવામાં કોઈ વ્યક્તિ અથવા વીમાદારના કુટુંબના સભ્ય સિવાયની વ્યક્તિ અથવા વીમાદારની નોકરીમાં હોય તેવી વ્યક્તિને આકસ્મિક મૃત્યુ અથવા શારીરિક ઈજા માટે કંપનીની લેખિત સંમતિથી વીમાદારે કરેલું મુકદ્દમો માંડવાનું ખર્ચ અથવા વળતર તરીકે ચૂકવવા વીમાદાર કાયદેસર જવાબદાર બનશે તેવી બધી રકમની કંપની વીમાદારને હાનિરક્ષા કરી આપશે, પરંતુ વીમાની કોઈ એક મુદતમાં આવા વળતર અને મુકદ્દમાનું ખર્ચ અંગે કંપનીની જવાબદારી ₹ ૧૦,૦૦૦ સુધી મર્યાદિત રહેશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર નહિ રહે :

(૧) પેડલ સાઇકલનો ભાડે અથવા ઈનામ અથવા ભારત બહાર ઉપયોગ કરતાં તેની મારફત અથવા સંબંધમાં થયેલ કોઈ અકસ્માત, નુકસાન, હાનિ અથવા જવાબદારી;

(૨) અતિભાર, તણાવ અથવા યાંત્રિક રીતે ખોટકાવાથી થયેલું નુકસાન;

(૩) સહાયક સામગ્રીને ચોરીથી થયેલ નુકસાન કે હાનિ; સિવાય કે પેડલ સાઇકલ તે જ સમયે ચોરાઈ ગઈ હોય

(૪) આકસ્મિક બહારનાં સાધનોથી પેટા-વિભાગ (ક) હેઠળનાં દરેક નુકસાનના પ્રથમ ₹ ૧૦ સુધી ચૂકવવાની કંપનીની જવાબદારી નથી, પરંતુ નુકસાન અથવા હાનિ ₹ ૧૦ કરતાં વધારે હોય, તો કંપની પૂરેપૂરું આવું નુકસાન અથવા હાનિ ચૂકવવા જવાબદાર છે.

**ખાસ શરતો**

પેડલ સાઈકલને નોંધારી છોડો ત્યારે સલામત રીતે લોક કરો.

**વિભાગ ૮ : બેગેજ**

વીમાદાર અને / અથવા તેના કુટુંબના તેમની સાથે કાયમી રહેતા સભ્યોના ભારતમાં ગમે ત્યાં પ્રવાસ કરતાં હોય અથવા રજાઓમાં પ્રવાસ પર હોય ત્યારે તેમની સાથેના અંગત બેગેજ બાબતમાં અકસ્માત કે દુર્ભાગ્યે ગૂમ થતાં, તેનો નાશ થતાં અથવા તેને નુકસાન થતાં, કંપની તેમની હાનિરક્ષા કરી આપશે. પરંતુ આમ ગુમાવેલ નાશ પામેલ કે નુકસાન થયેલ બેગેજ અંગે કંપનીની જવાબદારી આવા નુકસાનના સમયે તેની ખરેખર કિંમત જેટલી મર્યાદિત રહેશે, તે વીમાના એક સમયગાળામાં અનુસૂચિમાં તેની સામે નિયત કરેલી રકમ કરતાં વધશે નહિ.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) લેન્સ અથવા કાચ, કોઈ સાધનના ભાગ હોય કે નહિ, ચાઇના માર્બલ, ગ્રામોફોન રેકર્ડ અને બરડ તથા તકલાદી પ્રકારની બીજી વસ્તુઓને તિરાડ પડવાથી અથવા તૂટફૂટને કારણે નુકસાન અથવા હાનિ, સિવાય કે આવી મિલકત જે વહાણ, ટ્રેઇન, વાહન અથવા હવાઈ જહાજ મારફત લઈ જવાતી હોય તેના અકસ્માતને કારણે આવું નુકસાન કે હાનિ થઈ હોય.

(ખ) મિલકત જેને અધીન હોય તે સ્વચ્છ કરવા, મરામત કરવા કે પુનઃસ્થાપનની કરવાની કોઈ પ્રક્રિયા અથવા રજકણ, ફૂગી જીવાતથી નુકસાન અથવા હાનિ;

(ગ) વધારે ચલાવવા, અત્યંત દબાણ, શોર્ટ સર્કિટ, ગરમ થવું અથવા ગમે તે કારણસર વીજળીના લીકેજથી ઇલેક્ટ્રિક મશીન ઉપકરણ, જડાણ, ફીટિંગ તેમજ વાયરલેસ સેટ, રેડિયો, ટેલિવિઝન સેટ અને ટેપરેકર્ડરને નુકસાન અથવા હાનિ

(ઘ) કાંડા ઘડિયાળ અને ભીંત ઘડિયાળની યાંત્રિક અવ્યવસ્થા અથવા અતિશય ચાવી આપવાથી નુકસાન.

(ચ) બધાં બારી-બારણાં અને બીજા ખુલ્લા ભાગ સલામત રીતે બંધ કર્યા હોય અને યોગ્ય રીતે બાંધીને સંપૂર્ણ બંધ સલૂનની કાર સિવાયની કારમાંથી ચોરી.

(છ) માલસંવિદા(એફ્રેટમેન્ટ)ના કરાર હેઠળ કોઈ કેરિયર દ્વારા લઈ જવાતા હોય ત્યારે નુકસાન અથવા હાનિ

(જ) નાણાં, જામીનગીરીઓ, હસ્તપ્રત, ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ અથવા દસ્તાવેજ, ઝવેરાત, ઘડિયાળ, ફર, સોના-ચાંદી, રત્ન, સોના અને ચાંદીનાં ઘરેણાં, પ્રવાસ-ટિકિટ, ચેક અને બેન્કના ડ્રાફ્ટને નુકસાન અથવા હાનિ.

(ઝ) મુસાફરી શરૂ થઈ હોય ત્યારે કોઈ પેકેજની અંદરની વસ્તુઓનો ભાગ ન બનતી હોય તેવી વસ્તુઓને નુકસાન અથવા હાનિ, સિવાય કે તે ખાસ જાહેર કરવામાં આવી હોય અને કંપનીએ સ્વીકારી હોય.

(ટ) વપરાશી પ્રકારની વસ્તુઓનો નાશ અથવા તેને નુકસાન

(ઠ) દરિયાઈ મુસાફરી અને / અથવા મુસાફરીના ઉપયોગમાં આવતી લાકડીઓ, છત્રી, તડકા-છત્રી, પંખા, ડેસ્ક, ખુરશી જેવી છૂટી વસ્તુઓ અથવા વ્યક્તિઓ દ્વારા પહેરાતાં વસ્ત્રો અથવા લઈ જવાતી વસ્તુઓ.

(ડ) પ્રવાહી તેલ અથવા તેવા પ્રકારની લીકેજ, ઢોળાવું અથવા ભયંકર અથવા નુકસાન કરતી વસ્તુઓ ફાટવાને કારણે અથવા તેનાથી થતા નુકસાન નાશ અથવા હાનિ.

**વિભાગ ૯ : અંગત અકસ્માત**

વીમાદાર સાથે કાયમી કામ કરતા ૧૬ અને ૭૦ વર્ષ વચ્ચેની ઉંમરના વીમાદાર અથવા કોઈ ભાગીદાર, નિયામક, વ્યવસ્થા સ્ટાફના સભ્ય અથવા વીમાદારના કર્મચારીઓ આકસ્મિક હિંસક, બાહ્ય અને દશ્ય સાધનોથી સંપૂર્ણ અને સીધી શારીરિક ઈજા ભોગવે અને તેના પરિણામે આમાં હવે પછી જણાવ્યા મુજબ મૃત્યુ અથવા અશક્તતા થાય, તો કંપની વીમાદાર અથવા તેમના એસાઇની/તેમના કાયદેસર અંગત પ્રતિનિધિને આમાં હવે પછી નિયત કરવામાં આવે તે રકમ ચૂકવશે, એટલે કે;

૧. આવી ઈજા થયાના ૧૨ (બાર) કેલેન્ડર મહિનાની અંદર તે વીમાદાર વ્યક્તિનું સંપૂર્ણ અને સીધું કારણ બને, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી આ સાથે અનુસૂચિમાં દર્શાવેલી વીમાની મૂળ રકમ

૨. આવી ઈજા, તે થયાના ૧૨ કેલેન્ડર મહિનામાં નીચેના સંપૂર્ણ અને મટી ન શકે તેવા નુકસાનનું સંપૂર્ણ અને સીધું કારણ બને, તો

(૧) બંને આંખની દષ્ટિ ગુમાવવાથી અથવા બે આખા હાથ અથવા બે આખા પગ અથવા એક આખો હાથ અને એક આખો પગ શારીરિક રીતે અલગ પાડવાથી થયેલ ખરેખર નુકસાન અથવા એક આંખની દષ્ટિ ગુમાવવી અથવા એક આખો હાથ અથવા એક આખો પગ ગુમાવવાથી આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમ

(૨) બે હાથ અથવા બે પગ અથવા એક હાથ અને એક પગના ઉપયોગનું નુકસાન અથવા એક આંખની દષ્ટિ ગુમાવવી અને એક હાથ અથવા એક પગના ઉપયોગના નુકસાન બદલ આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમ.

૩. આવી ઈજા તે થયાના ૧૨ (બાર) કેલેન્ડર મહિનામાં તેનાથી સંપૂર્ણ અને ન મટી શકે તેવું નીચેનું નુકસાન થાય તો –

(૧) એક આંખની દષ્ટિ ગુમાવવી અથવા એક આખો હાથ અથવા એક આખા પગને શારીરિક રીતે અલગ, કરાય તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૫૦ (પચાસ) ટકા.

(૨) શારીરિક રીતે અલગ કર્યા સિવાય હાથ અથવા પગના ઉપયોગનો સંપૂર્ણ અને ન મટી શકે તેવું નુકસાન થાય, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૫૦ (પચાસ) ટકા

નોંધ : ઉપરના ખંડ (૨) અને (૩)ના હેતુ માટે હાથને શારીરિક રીતે અલગ કરવો એટલે કાંડાથી અથવા તેના ઉપરના ભાગથી અલગ કરવો અને પગને શારીરિક રીતે અલગ કરવો એટલે ઘૂંટીથી અથવા તેના ઉપરના ભાગથી અલગ કરવો.

૪. આવી ઈજાના સીધા પરિણામ તરીકે વીમાદાર વ્યક્તિને તાત્કાલિક, કાયમી, સંપૂર્ણ કોઈ પણ વર્ણનના રોજગાર કે વ્યવસાયમાં કામ કરવા તદ્દન અશક્ત બનાવી દે, તો આવી વીમાદાર વ્યક્તિને લાગુ પડતી અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા (એક્સો ટકા) જેટલી ઊચક રકમ.

૫. આવી ઈજાના સીધા અને સંપૂર્ણ પરિણામ તરીકે ૧૨ (બાર) કેલેન્ડર મહિનામાં નીચેનાને શારીરિક રીતે અલગ કરવાથી થતા ખરેખર નુકસાનના અથવા ઉપયોગના ન મટી શકે તેવું સંપૂર્ણ નુકસાન થાય, તો નીચે દર્શાવ્યા મુજબ મૂળ રકમના નીચે મુજબ ટકા ચૂકવી શકાશે :

| | વીમાની મૂળ રકમના ટકા |
|---|---|
| (૧) પગના બંને અંગૂઠાને નુકસાન | ૨૦ |
| પગના અંગૂઠાના બે મોટા વેઢાને નુકસાન | ૫ |
| પગના અંગૂઠાના એક મોટા વેઢાને નુકસાન | ૨ |
| પગના એક કરતાં વધારે અંગૂઠાનો મોટા સિવાયનો વેઢો | ૧ |
| (૨) બન્ને કાનની શ્રવણશક્તિ ગુમાવવી | ૭૫ |
| (૩) એક કાનની શ્રવણશક્તિ ગુમાવવી | ૩૦ |
| (૪) એક હાથની ચાર આંગળી અને અંગૂઠાનું નુકસાન | ૪૦ |
| (૫) એક હાથની ચાર આંગળીનું નુકસાન | ૩૫ |
| (૬) હાથના અંગૂઠાના બે વેઢાને નુકસાન | ૨૫ |
| – હાથના એક અંગૂઠાના વેઢાને નુકસાન | ૧૦ |
| (૭) અનામિકા આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢાને નુકસાન | ૧૦ |
| (૮) મધ્યમા આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૬ |
| (૯) તર્જની આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૫ |
| (૧૦)ટચલી આંગળીના ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા એક વેઢાને નુકસાન | ૪ |
| (૧૧)હથેળીના પ્રથમ અથવા બીજા (વધારાના) અથવા ત્રીજા, ચોથા અથવા પાંચમા (વધારાના)ને નુકસાન | ૩ |
| (૧૨)બીજી કોઈ કાયમી-અંશતઃ અશક્તતા | કંપનીના પેનલ ડોક્ટરે આકાર્યા મુજબ ટકાવારી |

૬. આવી ઈજા કામચલાઉ સંપૂર્ણ અશક્તતાનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો વીમાદાર વ્યક્તિ કોઈ પણ વર્ણનના કોઈ રોજગાર અથવા વ્યવસાયમાં રોકાવા માટે સંપૂર્ણપણે અશક્ત હોય, તો આ સાથેની અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમના એક (૧) ટકા લેખે દર અઠવાડિયે ચૂકવવામાં આવશે, પરંતુ તે રકમ બધી પોલિસીઓ હેઠળ દર અઠવાડિયે રૂ. ૩૦૦૦થી વધશે નહિ, પરંતુ અગાઉના પેટા-ખંડ(૬) નીચે ચૂકવવાપાત્ર વળતર, અશક્તતાની શરૂઆતની તારીખથી ગણતાં કોઈ એક ઈજા બાબતમાં ૧૦૦ કરતાં વધારે અઠવાડિયાં માટે ચૂકવવામાં આવશે નહિ અને તે કોઈ પણ બાબતમાં વીમાની મૂળ રકમ કરતાં વધશે નહિ.

૭. પોલિસીમાં વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે વીમાદાર વ્યક્તિનું મૃત્યુ તેના રહેઠાણની બહાર થાય, તો વીમાદારના મૃતદેહને તેના રહેઠાણમાં લઈ જવા માટે કરેલું ખર્ચ કંપની ભરપાઈ કરશે. તે વીમાની મૂળ રકમના વધુમાં વધુ ૨ ટકા અથવા રૂ. ૨,૫૦૦ એ બેમાંથી જે ઓછું થાય તેને અધીન રહેશે.

૮. **શિક્ષણ ગ્રાન્ટ** : વ્યાખ્યા કર્યા મુજબ વીમાદારનું મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અશક્તતા બાબતમાં, કંપની તેમનાં આશ્રિત બાળકોને નીચે મુજબ શિક્ષણ ગ્રાન્ટ આપશે :

(ક) વીમાદાર વ્યક્તિને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનું એક આશ્રિત બાળક હોય, તો વીમાની મૂળ રકમના ૧ ટકા રકમ, પરંતુ વધુમાં વધુ ₹ ૫૦૦૦ ચૂકવવામાં આવશે.

(ખ) વીમાદાર વ્યક્તિને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરના એક કરતાં વધારે આશ્રિત બાળક હોય, તો વીમાની રકમના ૧ ટકા રકમ, પરંતુ વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ ચૂકવવામાં આવશે. આમ ચૂકવવાપાત્ર રકમ મૂળ વીમાની રકમના પ્રમાણમાં બધી પોલિસીએ ભોગવવાની રહેશે.

વીમાદાર વ્યક્તિને આવરી લેતા બીજા કોઈ અંગત અકસ્માતનો/ના વીમો/વીમા હોય, તો આ વિનિયમ હેઠળના આવી બધી પોલિસીઓ હેઠળના કુલ લાભ એક આશ્રિત બાળક હોય, તો વધુમાં વધુ ₹ ૫૦૦૦ અને એક કરતાં વધારે આશ્રિત બાળક હોય, તો વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ આપી શકાશે. આમ ચૂકવવાપાત્ર રકમ વીમાની મૂળ રકમના પ્રમાણમાં બધી પોલિસીએ ભોગવવાના રહેશે.

પરંતુ કંપની નીચેના માટે આ પોલિસી હેઠળ નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :

(ક) અશક્તતાના સમાન સમયગાળા અંગે ઉપરના લાભ પૈકી એક કરતાં વધારે લાભ નીચે વળતર

(ખ) કોઈ એક લાભ (૧), (૨), (૩) અથવા (૪) હેઠળના દાવા પછી બીજી કોઈ ચુકવણી સ્વીકારી હોય અને ચૂકવણીપાત્ર બની હોય. તબીબી ખર્ચ વિસ્તરણ હેઠળ કરેલી અને મૃતદેહને લઈ જવાના ખર્ચ હેઠળ કરેલી ચુકવણીને આ લાગુ પડશે નહિ.

(ગ) વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન પોલિસી હેઠળ એક કરતાં વધારે દાવાની બાબતમાં કોઈ ચુકવણી, તે સમયગાળઆમાં કંપનીની અધિકતમ જવાબદારી આ પોલિસીના લાભ (૧) હેઠળ ચૂકવવાપાત્ર રકમ કરતાં વધી જાય. તબીબી ખર્ચ વિસ્તરણ હેઠળ કરેલી અને મૃતદેહને લઈ જવાના ખર્ચ હેઠળ કરેલી ચુકવણીને આ લાગુ પડશે નહિ.

(ઘ) કુલ રકમ નક્કી અને કબૂલ કરાય ત્યાં સુધી અઠવાડિક વળતરની ચુકવણી.
(ચ) ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ (૨) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય. (૩) હવાઈ ઉડ્ડયન અથવા બલૂનિંગમાં હોય, દુનિયામાં ગમે ત્યાં યોગ્ય લાઈસન્સ ધરાવતા ધોરણસર પ્રકારના કોઈ હવાઈ જહાજમાં ઉતારુ (ભાડું આપ્યું હોય કે નહિ) સિવાય, તેમાં ચડતાં-ઊતરતાં કે પ્રવાસ કરતાં (૪) ગુપ્ત રોગ, એઈડ્ઝ અથવા ગાંડપણથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ (૫) વીમાદારે ગુનાહિત ઈરાદાથી કાયદાનો ભંગ કરવાને કારણે અથવા તેના પરિણામે મૃત્યુ, ઈજા અથવા અશક્તતા અંગે વળતરની ચુકવણી
(છ) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી બળવો, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, બધા રાજા, રાજકુમારો અને ગમે તે રાષ્ટ્ર, સ્થિતિ અથવા ગુણવત્તા ધરાવતા લોકોને પકડવા, તેમની ધરપકડ કરવી, નિયંત્રણમાં અને અટકમાં રાખવાથી અને ગિરફતાર કરવાથી વીમાદારને મૃત્યુ, ઈજા અથવા અશક્તતા સંબંધમાં વળતરની ચુકવણી.
(જ) વીમાદાર વ્યક્તિને નીચેનાથી મૃત્યુ અથવા શારીરિક ઈજા અથવા કોઈ રોગ અથવા માંદગી અંગે વળતરની ચુકવણી -
(૧) અણુ બળતણ અથવા અણુ બળતણના દહનમાંથી, કોઈ અણુ બગાડમાંથી, આયનીત કિરણોત્સર્ગ અથવા રેડિયો-એક્ટિવિટીથી દૂષિત થવાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતાં અથવા થયેલ અથવા ફાળારૂપ બનેલ. આ અપવાદના હેતુસર, દહનમાં અણુવિભાજનની કોઈ સ્વનિર્ભર પ્રક્રિયાનો સમાવેશ થાય છે.
(૨) અણુશસ્ત્રોની સામગ્રીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ, ઊભી થતી અથવા ફાળો આપતી.
(ઝ) બાળજન્મ અથવા સગર્ભાવસ્થા અને તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ, ફાળો આપેલ, વધી ગયેલ કે લંબાયેલ મૃત્યુ અથવા અશક્તતા

**સંચિત બોનસ**

પોલિસીના આ વિભાગના ખંડ (૧), (૨) અને (૩) અને (૪) એટલે કે મૃત્યુ અવયવ/અવયવોનું નુકસાન અથવા દૃષ્ટિ ગુમાવવા બદલ ચૂકવવાપાત્ર વળતર અને આકસ્મિક ઈજામાંથી ઊભી થતી કાયમી સંપૂર્ણ અશક્તતા બદલ ચૂકવવાપાત્ર વળતર દરેક પૂરા થયેલા વર્ષ બાબતમાં અકસ્માત થયા અગાઉ દરેક પૂરા થયેલા વર્ષ બાબતમાં જે સમય દરમિયાન પોલિસી ચાલુ હોય અને જેના માટે મૂળ રકમ ચૂકવવાપાત્ર હોય તેમાં ૫ ટકાનો વધારો થશે, પરંતુ આવી વધારાની રકમ આમાં અનુસૂચિમાં જણાવેલ વીમાની મૂળ રકમના ૫૦ ટકા કરતાં વધશે નહિ. સંચિત બોનસ વીમાની મૂળ રકમને લાગુ પડે છે. તે સળંગ રિન્યુ કરાવાય છે.

આ ખંડ વીમાનાં વાર્ષિક લક્ષણ અથવા આમાં હવે પછી જોગવાઈ કર્યા મુજબ આ પોલિસી રિન્યુ કરવા કંપનીને ના પાડવાના કે તેને રદ કરવાના કંપનીના હકમાં કોઈ પણ રીતે ફેરફાર કરશે નહિ.

પોલિસી પૂરી થયાના ૩૦ દિવસની અંદર રિન્યુ કરાવાય, તો મળેલું બોનસ જશે નહિ.

**વિભાગ ૧૦ : જાહેર જવાબદારી**

અનુસૂચિમાં જણાવેલી રકમને અધીન રહીને વીમાદાર જે રકમ કાયદેસર ચૂકવવા જવાબદાર છે તે નીચેની રકમ અંગે કંપની વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

(ક) વીમાદારની નોકરીમાં હોય તે સિવાયની કોઈ વ્યક્તિના આકસ્મિક મૃત્યુ, શારીરિક ઈજા સંબંધમાં કંપનીની લેખિત સંમતિથી કરેલા અથવા વીમાદાર કે તેના કુટુંબના તેની સાથે કાયમી રહેતા સભ્યની કસૂર અથવા બેદરકારીથી વીમાદારના વેપાર સંબંધમાં કોઈ કામ કરવા દરમિયાન મિલકતને થયેલ આકસ્મિક નુકસાન સંબંધમાં આપેલ વળતર અને કરેલ મુકદમાના ખર્ચ અંગે, બધું કોઈ એક બનાવમાંથી ઊભા થતા કોઈ એક અકસ્માત અથવા શ્રેણીબંધ અકસ્માતો અને વીમાના કોઈ એક સમયગાળા દરમિયાન બધા અકસ્માતના બધા મળીને ₹ ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર)ની મર્યાદામાં કંપની વીમાદારને ચૂકવશે.
(ખ) રોજગાર દરમિયાન આવા કર્મચારીઓને તેમાંથી ઊભા થતા મૃત્યુ અથવા શારીરિક ઈજા અંગે વીમો ઉતરાવેલ મકાનમાં કામ કરતાં કર્મચારીઓને પ્રાણઘાતક અકસ્માત અધિનિયમ, ૧૮૫૫, કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ અથવા તેના કોઈ સુધારા અથવા આવા કર્મચારીઓનાં મૃત્યુ અથવા શારીરિક ઈજા અંગેના સામાન્ય કાયદા અનુસાર વળતર તરીકે.

**વિભાગ ૧૧ : અંગત કોમ્પ્યુટર અને સહાયક સાધનો**

નીચેનાની બનેલી વીજાણુ સાધન પોલિસીમાંથી લાગુ પડતો ખંડ લેવામાં આવશે :

**સામાન્ય બાકાત બાબતો સામાન્ય-સ્થિતિ**

**વિભાગ ૧** : આ વિભાગમાં સાધનોને નુકસાનને લગતી મહત્ત્વની જોગવાઈઓ આ વિભાગને લાગુ પડે છે. જો આતંકવાદના નુકસાનને આવરી લેવાય, તો આ પોલિસીની અનુસૂચિમાં સમજાવ્યા પ્રમાણે વોરંટી, એકસેસ લાગુ પડશે.

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :
(૧) વીમાદારના કુટુંબના કોઈ સભ્યના મૃત્યુ અથવા શારીરિક ઈજા બદલ અથવા વીમાદારની અથવા તેના કુટુંબના કોઈ સભ્યની કસ્ટડી અથવા નિયંત્રણ હેઠળની મિલકતને નુકસાન માટે વળતર.
(૨) વીમાદારે કરાર કરીને સ્વીકારેલી જવાબદારી, સિવાય કે આવી જવાબદારી વીમાદાર સાથે આવા કરાર સિવાય સંલગ્ન હોય.
(૩) વીમાદારની માલિકીનાં, તેનાં કબજા અને કસ્ટડીમાં અથવા તેમના વતી પશુઓ, વાહનો, હવાઈ જહાજ, વહાણ, હોડી અથવા કોઈ પણ પ્રકારના તરાપાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભા થતા, થયેલા અથવા કારણરૂપ અકસ્માત

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(૧) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, નાગરિક અશાંતિ, લૂંટ અથવા ઉઠાંતરીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભાં થયેલા અથવા તેમાંથી ઊભાં થતાં નુકસાન અથવા હાનિ
(૨) ઘસારા તથા તૂટફૂટને કારણે નુકસાન અથવા હાનિ;
(૩) કોઈપણ પ્રકારના અથવા વર્ણનવાળા પારિણામિક નુકસાન
(૪) (ક) કોઈ મિલકતને ગમે તે પ્રકારનું નુકસાન, તેનો નાશ અથવા હાનિ તેમાંથી ઊભાં થતાં કે પરિણમતાં નુકસાન અથવા ખર્ચ અથવા કોઈ પારિણામિક નુકસાન.
(ખ) આયનીત કિરણોત્સર્ગ અથવા કોઈ અણુબળતણ અથવા અણુશસ્ત્રોની સામગ્રીમાંથી રેડિયો એક્ટીવિટીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ પણ પ્રકારની કોઈ કાયદેસર જવાબદારી.

ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. વતી

યોગ્ય રીતે નિમાયેલ એટર્ની

**નોંધ :** કાનૂની અર્થઘટન બાબતમાં અંગ્રેજી પાઠને માન્ય ગણવામાં આવશે.